# સુવાર્તાની

## વાર્તા પુસ્તક

૭



આ મારી સુવાર્તાની વાર્તા પુસ્તક છ છે

મારું નામ છે

---

હું મારી સુવાર્તાની વાર્તા પુસ્તક છ
વાંચી શકું છું

આ વાર્તાઓ સર્જનહાર ઈશ્વરના પવિત્ર પુસ્તકમાંથી છે
આ પુસ્તકના બધા ચિત્રો ભારતના આદિવાસી બાળકોએ બનાવેલા છે.
સુવાર્તાની વાર્તા પુસ્તક છ. કૉપીરાઇટ 2018. ભારતમાં મુદ્રિત. વધુ માહિતી માટે સંપર્ક કરો: WBTC India, P.O. Box 8478, Bangalore 560084. Email: info@wbtcindia.com



ઈસુ સાજા કરે છે..........................2-15
હું મુક્ત છું....................................16-21
ઈસુ બચાવે છે...........................22-34
ઈસુ જીવે છે................................36-40

# ઈસુ સાજા કરે છે

બીજો દિવસ, બીજો સમય,
બીજા સ્થળે.

હું એક નાની છોકરીને જોઈ શકું છું.

નાની છોકરી બાર
વરસની છે.

નાની છોકરી બહુ, બહુ, બહુ
બીમાર છે.

નાની છોકરી મરણ પામવાની છે!







નાની છોકરીનો એક પિતા છે.

તેનું નામ યાઈર છે.

હું યાઈરને નગર તરફ
જતા જોઈ શકું છું.

જલદી...જલદી...જલદી...
તારી નાની દીકરી મરણ
પામવાની છે!

હું યાઈરને ઈસુના પગે
પડતા જોઈ શકું છું.

હું યાઈરને ઈસુને કહેતા
સાંભળી શકું છું,

‘મહેરબાની કરીને મારા ઘરે આવો.

મારી નાની દીકરી મરણ પામવાની છે.

એને સ્પર્શ કરો અને તે સાજી થઈ જશે.

એને સ્પર્શ કરો અને તે જીવશે.’








હું ઈસુને અને યાઈરને
યાઈરના ઘર તરફ ચાલતા
જોઈ શકું છું.

થોભ નાની છોકરી,
સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે...

હું એક સ્ત્રીને જોઈ શકું છું.

તે બહુ બીમાર છે.

તે બહિષ્કૃત છે.

સ્ત્રી જે બહુ બીમાર છે તેને હું
પોતાની જાતને કહેતા
સાંભળી શકું છું,

‘જો હું ઈસુને સ્પર્શ કરું, તો હું
સાજી થઈ જઈશ.’







પછી તે થયું!

સ્ત્રી જે બહુ બીમાર હતી,
તેણે ઈસુને સ્પર્શ કર્યો.

હું ઈસુને થોભી જતા જોઈ શકું છું.

હું ઈસુને કહેતા સાંભળી શકું છું,

'મને કોણે સ્પર્શ કર્યો?'







ઘણા લોકો સાંભળી રહ્યા છે...
સાંભળી રહ્યા છે...સાંભળી રહ્યા છે.

સ્ત્રી જે બહુ બીમાર છે
તેને હું કહેતા સાંભળી શકું છું,

‘ઈસુના એક સ્પર્શથી હું
સાજી થઈ ગઈ છું!’







થોભ નાની છોકરી,
સર્જનહાર ઈશ્વર આવી રહ્યા છે...

પછી તે થયું...





હું એક માણસને યાઈરને
કહેતા સાંભળી શકું છું,
‘તારી નાની દીકરી મરણ પામી છે.’

હું ઈસુને યાઈરને કહેતા
સાંભળી શકું છું,

‘દુઃખી ના થઈશ,
હું ઈસુ છું.

તારી નાની દીકરી જીવશે!’

હું ઈસુને અને યાઈરને યાઈરના
ઘરમાં જતા જોઈ શકું છું.

હું ઈસુને નાની છોકરીને, જે
મરણ પામી છે તેને કહેતા
સાંભળી શકું છુ,

'નાની છોકરી, ઊઠ!'

હું નાની છોકરીને ઉઠતા
જોઈ શકું છું!

નાની છોકરી જીવે છે!







ઈસુ સદાસર્વકાળ જીવન છે.

અંધારાને દૂર કરવાનું
સામર્થ્ય ફક્ત ઈસુ પાસે છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!

# હું મુક્ત છું

બીજો દિવસ, બીજો સમય,
બીજા સ્થળે.

હું ઈસુ અને તેમના શિષ્યોને
નદીની પાર જતા જોઈ શકું છું.

હું ભૂંડોને નદીની પાસે
ઊભા રહેલા જોઈ શકું છું.







હું ત્યાં એક માણસને જોઈ શકું છું.

તે માણસમાં ઘણા દુષ્ટ
આત્માઓ છે.

હું ઈસુને માણસમાં ઘણા
દુષ્ટ આત્માઓને કહેતા
સાંભળી શકું છું,

‘આ માણસની બહાર આવો અને
નદી પાસે ઊભા રહેલા ભૂંડોમાં
જતા રહો.’

હું ઘણા દુષ્ટ આત્માઓને આ માણસમાંથી
બહાર આવતા અને નદી પાસે ઊભા
રહેલા ભૂંડોમાં જતા જોઈ શકું છું.

હું ભૂંડોને દોડીને નદીમાં
ડૂબતા જોઈ શકું છું.

ભૂંડો મરણ પામ્યા છે.







હું માણસને ઈસુ માટે
ગાતા સાંભળી શકું છું.

હું ઈસુને માણસને કહેતા
સાંભળી શકું છું,

‘જા અને સર્વ લોકોને કહે
સર્જનહાર ઈશ્વરે તારા
માટે શું કર્યું છે.’

હું માણસને સર્વ લોકોને કહેતા
સાંભળી શકું છું,

‘ઈસુએ દુષ્ટ આત્માઓને
મારામાંથી બહાર આવવાનું કહ્યું.

દુષ્ટ આત્માઓ મારામાંથી
બહાર આવી ગયા.

ઈસુએ મને મુક્ત કર્યો છે.’







ઈસુ જગતનું
અજવાળું છે.

અંધારાને દૂર કરવાનું
સામર્થ્ય ફક્ત ઈસુ પાસે છે.

સર્જનહાર ઈશ્વર અહીં છે!

# ઈસુ બચાવે છે

સમય વીતી ગયો .

આ રાત અંધારી છે...

એ બહુ, બહુ, બહુ અંધારી છે.





હું ઈસુને તેના શિષ્યોને કહેતા
સાંભળી શકું છું,

હવે મારા માટે સમય આવી ગયો છે
કે તમારા સર્વ ખરાબ કામો
માટે હું મારા જીવને લોહીના
બલિદાન તરીકે આપું.

હું તમારી શિક્ષા લઈશ.
હું અંધારાને દૂર કરીશ.

હું તમને સદાસર્વકાળ માટે બચાવી
લઈશ.'

સમય વીતી ગયો.

હું સૈનિકોને ઈસુને વધસ્તંભ પર
ખીલા ઠોકતા જોઈ શકું છું.







હું ઈસુના લોહીને જમીન પર
નીચે પડતા...પડતા...પડતા
જોઈ શકું છું.

હું ઈસુને વધસ્તંભ પર
લટકી રહેલા જોઈ શકું છું.

હું ઈસુને કહેતા સાંભળી શકું છું,

‘હું હજુપણ તમને પ્રેમ કરું છું.
હું તમને બચાવી લઈશ.

તમે મને શોધી લેશો. હું તમને માફ કરું છું.
હું મારું જીવન તમને આપું છું.’







હું જોઈ શકું છું ઈસુ મરણ પામ્યા છે.

આ દિવસ અંધારિયો છે...
તે બહુ, બહુ, બહુ અંધારિયો છે.

હું ઈસુના શિષ્યોને તેમની લાશ
કબર તરફ લઈ જતા જોઈ શકું છું.

ઈસુને દફનાવવામાં આવ્યા.







સમય વીતી ગયો.

હું જોઈ શકું છું ઈસુની
કબર ખાલી છે!

ઈસુનું શરીર ક્યાં છે?







હું એક સારી આત્માને
ઈસુના શિષ્યોને કહેતા
સાંભળી શકું છું,

‘ઈસુ સદાસર્વકાળ
માટે જીવે છે.’

હું ઈસુને જોઈ શકું છું. તે જીવિત છે!








હું ઈસુને તેના શિષ્યોને કહેતા
સાંભળી શકું છું,

‘જાઓ અને સર્વ કુળોને,
સર્વ લોકોને સર્વત્ર સુવાર્તા કહો!

હું તમને પ્રેમ કરું છું. હું મરણ પામ્યો
હતો, છતાંય તમને સદાસર્વકાળને માટે
બચાવવા હું જીવું છું.’

હું ઈસુને આકાશમાં ઉપર...ઉપર...ઉપર જતા જોઉં છું.







# ઈસુ જીવે છે

ઘણા વર્ષો વીતી ગયા.

હું એક માણસને જોઈ શકું છું.

તેનું નામ યોહાન છે.

હું યોહાનને કહેતા સાંભળી શકું છું,

‘હું ઈસુને ઉપર આકાશમાં જોઈ શકું છું.
તેમની આંખો અગ્નિ જેવી છે!’







હું ઈસુને એક સફેદ ઘોડા પર
આવતા જોઈ શકું છું.

તેનું નામ ઈશ્વરનું વચન છે.

હું ઈસુના ઝભ્ભા ઉપર આ
શબ્દો જોઈ શકું છું,

રાજાઓના રાજા અને
પ્રભુઓના પ્રભુ!

હું સર્વ કુળોના લોકોને ઈસુ
માટે ગાતા જોઈ શકું છું.

હું બધી આત્માઓને ઈસુ
માટે ગાતા જોઈ શકું છું.

સઘળું ઈસુ માટે ગાય છે
તે હું જોઈ શકું છું.







હું સર્જનહાર ઈશ્વરને કહેતા
સાંભળી શકું છું,

‘મારા લોકો સદાસર્વકાળને
માટે બચાવી લેવામાં આવ્યા છે.

મરણ નહિ. આંસુ નહિ.

ગમ નહિ. દુઃખ નહિ.

મેં સઘળું નવું બનાવ્યું છે.’

હું ઈસુને કહેતા સાંભળી શકું છું,

‘જુઓ હું જલદી પાછો આવું છું.

હું એ છું જે સર્વકાળ માટે જીવે છે.
હું ઈસુ છું.

હું તમને પ્રેમ કરું છું.

મેં તમને સદાસર્વકાળ
માટે બચાવી લીધા છે.’

